**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૧૨/૨૦૧૪ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૦૬૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૨૮૫ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૦૬૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં. ૩૦૬૨/૧૪**

**વેજલપુરઃ** જોહરાબહેન યાસીનભાઈ છીપા (રહે.ચાંદગલી સંતોષનગર દાણીલીમડા) એ તા.૧૬/૧૨/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) જાવેદ હબીબભાઈ નીલગર (૨) નુરજા નુરમહમદ નીલગર (૩) ઈરફાન નવાબભાઈ નીલગર (૪) ફરીદા નવાબભાઈ નીલગર અને (૫) યાસીન સમરુદ્દીન રંગરેજ (તમામ રહે, દાણીલીમડા) ભેગા મળી પોતાના પુત્ર સલમાન (ઉ.વ.૨૩) ને ચોર ચોર કહી માનસીક ત્રાસ આપતા હોઈ તા.૪/૧૨/૧૪ થી તા.૬/૧૨/૧૪ દરમ્યાન નદીમાં પડી આત્મહત્યા કરી હતી જેની લાશ વાસણા બેરેજ મળી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એમ દેસાઈ ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં. ૩૦૬૩/૧૪**

**સાબરમતીઃ** પારૂલબહેન સુરેશભાઈ પટેલ (રહે. અનમોલ ટ્વિન બંગલોઝ શ્રીધર બંગલોઝની બાજુમાં ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૪ કલાક ૯/૦૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોનાના મણકાવાળુ મંગળસુત્ર, સોનાની બુટ્ટી, ચાંદીની પાયલ, નોકીયા કંપનીનો મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૪,૨૧,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ પી ચૌધરી ચલાવે છે.

**નરોડાઃ** મનિષાબહેન દશરથસિહ ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર નરોડા) તા.૧૬/૧૨/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ખાતે પોષ્ટ ઓફીસમાં પૈસા ભરવા ગયા હતા દરમ્યાન મનિષાબહેન ના થેલા માંથી અજાણી વ્યક્તિએ રૂપિયા ૪૦,૦૦૦/- કાઢી લીધા હતા. આ અંગેની ફરીયાદ મનિષાબહેન ચૌહાણે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ એલ રાઠોડ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૬૪/૧૪</u>**

**ઓઢવઃ** ભાવિકભાઈ ભગવાનભાઈ પટેલ (રહે.હરીદર્શન ચોકડી પાસે નવા નિકોલ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૪ સવારના ૭/૦૦ થી તા.૧૬/૧૨/૧૪ સવારના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની ચેઈન, સોનાની વિંટી અને રોકડ રૂપિયા ૩૯,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૫૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એસ બારીયા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૬૫/૧૪</u>**

**વટવાઃ** સીતારામ સંદાના તીરકી (રહે.ગામ સેમોલગુરી થાણા બીજની તાલુકો બીજની જીલ્લો ચીરાંગ આસામ) એ તા.૧૬/૧૨/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૧૪ બપોરના ૩/૪૫ વાગે નારોલ અસલાલી હાઈવે સ્ટોકયાર્ડ નજીક પાર્ક કરેલ નવીજ બોલેરો ગાડી કિમત રૂપિયા ૬,૧૨,૧૯૧/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ જે ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૬૬/૧૪</u>**

**વસ્ત્રાપુરઃ** જશપ્રીતસીંગ ઈકબાલસીંગ ઓબેરોય (ઉ.વ.૩૩) (રહે,મધુવૃંદ એપાર્ટમેન્ટ રાજપથ રો હાઉસ પાસે બોડકદેવ) એ કોઈ કારણસર તા.૧૬/૧૧/૧૪ કલાક ૧૦/૧૭ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામા પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન જી ગોસાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.